**ક્રિ.કેસ. નં. ૧૧૦૦૨૨૬/૧૯૯૯**

**-:: આંક-૧ લગત વધુ હુકમ ::-**

વિધ્વાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે.જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનો તા.૧૨/૯/૨૦૧૯ નો પત્ર હુકમ નં.ડીસી/સીટીઝેડ/મેટ્રો.કોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટ કેસ/ પરત/૨૦૧૯, થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનાએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીએ પરવાનગી માંગેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં આ કેસમાં આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

**-: હુ ક મ :-**

આથી ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૧ અન્વયે વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

બીન કિંમતી મુદ્દામાલ હોય તો તેનો અપીલ સમય બાદ નિયમનુસાર નિકાલ કરવો.

મુદ્દામાલ જો દારૂ હોય તો તેનો અપીલ સમય બાદ નિયમનુસાર નિકાલ કરવો.

આરોપી જો રોકડ જામીન પર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડ નાણાં કબ્જે લીધેલ હોય તો તે અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા.

આ કામે કોઈ કિંમતી મુદ્દામાલ કબ્જે લીધેલ હોય અને તે અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અન્યથા સદર કામે કબ્જે કરેલ કિંમતી મુદ્દામાલ અંગે માલિકીની ખરાઈ કરી, વિગતવારનું મુદ્દામાલ સોપ્યા અંગેનું પંચનામું કરી અપીલ સમય બાદ પરત કરવો.

જરૂરી યાદી સંબંધીત પો.સ્ટે.ને કરવી.

હુકમ આજ રોજ તા.૧૪ મી માહે-સપ્ટેમ્બર, સને-૨૦૧૯ ના રોજ લોક અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

તા. ૧૪/૦૯/૧૯
સ્થળ:-અમદાવાદ.

(મોહંમદસલીમ જહાંગીરભાઈ ખોજજાદા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ.
UNIQUE CODE GJ-01020

#VBVALA#